# દિવ્ય ભાસ્કર

Valsad- Vapi                                                                                5 November, 2017

ભાસ્કર વિશેષ | ધરમપુર શ્રીમદ રાજચંદ્ર સંકુલમાં મોરારી બાપુના હસ્તે હોસ્પિટલની ખાતમુહૂર્ત વિધિ સંપન્ન

## દર્દી દેવો ભવ: બનીને આવે, સાજો થઈને જાય

ભાસ્કર ન્યૂઝ | ધરમપુર



ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર મિશનના સંસ્થાપક ગુરુદેવ રાકેશભાઈની પ્રેરણાથી શનિવારે શ્રીમદ રાજચંદ્રજીના 150માં જન્મદિને ધરમપુરમાં "યુગ-પુરુષ સાર્ધ શતાબ્દી મહોત્સવ"નો પ્રારંભ થતા સંકુલમાં નિર્માણ પામનારા શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલની ખાતમુહૂર્ત વિધિ મોરારી બાપુના વરદ હસ્તે કરાઈ હતી.

હોસ્પિટલની ખાતમુહૂર્ત વિધિમાં ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલ, વલસાડ-ડાંગ સાંસદ ડો.કે. સી. પટેલ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ દેસાઈ, સ્વામી ચિદાનંદ સરસ્વતી, સંતો સહિત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્રસચિવ ડો. જયંતી એસ. રવિ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મોરારી બાપુએ અહિયાં જે કઈ નિર્માણ થઇ રહ્યું છે એ નિર્માણ નથી નિર્વાણની યાત્રા છે. આજે મેડીકલ ટ્રીટમેન્ટ એટલી મોંઘી થઇ ગઈ છે. એમ જણાવી કૃપાળુ દેવની કૃપાથી પ્રભુની કૃપાથી આવું એક મોટો સેવા યજ્ઞ થઈ રહ્યો છે. અને નાનામાં નાનો માણસ અહિયાં દર્દી દેવો ભવ બનીને આવે અને સાજો થઈને જાય અને કાલાંતરે ભગવાનની કૃપાથી આ હોસ્પિટલ વિદ્યાલયમાં ફરી જાય એવી કામના કરી હતી.

આ પ્રસંગે ગુરુદેવ રાકેશભાઈ અને શ્રી શ્રી રવિશંકર, મોરારીબાપુ, વિવેકસાગર સ્વામી મહારાજ BAPS, ચિદાનંદ સરસ્વતી, આચાર્ય ડો. લોકેશમુનીજી, ભિખ્ખુ સંગસેનાજી, બ્રહ્મકુમારી દીદી ડો. નિર્મલા સહિતની પાવન ઉપસ્થિતિ મહોત્સવમાં રહી હતી.